# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૦ • તા.૨૯ જાન્યુઆરી થી ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ પાલક સમિતિમાં

# દિવ્યાંગ જ્ઞાતિજનોના આશ્રયદાતાની સૂચિમાં જોડાનારા દાતાઓને ભાવપૂર્વક નમન

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી

-: કાર્યાલય :-


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સફળ લીડર બનવાની પ્રક્રિયા

પરિવર્તન સંસારનો અફર નિયમ છે. પછી તે કારકિર્દીની વાત હોય, જીવન કે સંબંધોની અથવા વ્યવહારની વાત હોય. શરૂઆતે ઘરેડમાં ખૂંપેલો જીવ બદલાવ માટે તૈયાર ન થઈ શકે તો પણ આખરે બદલાવતો કરવું જ પડે છે. કારણ કે સમય પ્રમાણે થતું પરિવર્તન આમ તો પ્રગતિનો પાયો બને છે. આમ છતાં બદલાવની વાતને સ્વીકારવું અઘરું હોય છે.

લીડર એ એક ધ્યેય નિષ્ઠ હોય છે. જે તેના હાથ નીચેના સહકારીઓ પ્રત્યે કોમળ હોય છે તો અમુક અંશે કઠોર હોય છે. સફળ થવા માટે સફળ સુકાની, સરદાર કે સફળ સંચાલક બનવું એ પ્રાથમિક જરૂરિયાત છે. ઉતમ એ હોય છે તે પોતાના કર્મચારીઓને માનસિક બદલાવ માટે તૈયાર કરે છે તો નવી નવી ટેક્નોલોજીથી તેમને અવગત કરાવે છે, તેની તાલીમ આપે છે. તે ઉતમ માર્ગદર્શક, સર્વશ્રેષ્ઠ શિક્ષક, સર્વોત્તમ સલાહકાર, અદ્‌ભૂત આયોજક, મિલનસાર માનસિક ચિકિત્સક, સ્નેહાળ વડીલ અને વિશાળ દિલ મિત્રની ભૂમિકા દેનાર નેતા જ સફળ સારથી બની ટીમને દોરી શકે છે. જો લીડર જ બદલાવને સ્વીકારી ન શકે અને સમગ્ર ટીમને બદલાવ સ્વીકારવા પ્રેરી ન શકે તો તેનામાં હજુ ઘણું ખૂટે છે તેવું કહી શકાય.

લીડર અને મેનેજરમાં મોટો ફરક છે. લીડર માત્રને માત્ર સફળતાને જુએ છે, તે જાત કરતાં પહેલા પોતાની ટીમની સફળતાને માટે સંકલ્પ બધ્ધ હોય છે. ટીમના એક એક મેમ્બરની ખૂબીઓ અને ખામીઓથી તે સારી રીતે અવગત હોય છે અને એ ખામીઓ સુધરે એ માટે પ્રયત્નશીલ રહે છે. જ્યારે મેનેજર માત્ર પોતાની શાન જળવાઈ રહે તેવું ઈચ્છે છે. મેનેજમેન્ટ સામે પોતાની પ્રતિભા ઉજળી રહે એ માટે પ્રયત્નશીલ હોય છે. તેની હાથ નીચેના કર્મચારીઓની નબળી બાબતો પ્રત્યે ચીડ ધરાવી દમદાટીના દમનથી સુધારવા મથે છે. આમ ઉતમ લીડર બનવું સહેલું, સરળ નથી એ તો મૂર્તિકારના ટિપ્પણે ટિપાઈ ટિપાઈને ઘાટમાં ઘડાવું પડે છે. આખરે તો ઘા સહન કરનાર જ સુરેખ સુઘડ આકારમાં સર્વશ્રેષ્ઠ સર્જવા ઘડાય છે. તૈયાર થાય છે.

– જય જ્ઞાતિમૈયા

# પરિસ્થિતિ ને મનઃસ્થિતિ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

માનવી મૂળમાંથી મતલબી છે. સ્વાર્થ તેના રગેરગમાં વ્યાપેલ છે. પ્રાર્થના કરવા બે હાથ જોડેલ માનવીથી હવે ઈશ્વર પણ ડરે છે. મંદિરમાં તે પ્રભુ સમક્ષ માંગવા જ પ્રવેશે છે. જેને કારણ ઈશ્વરને પણ માનવીની માંગણીઓ જાણીને તથાસ્તુ કહેતાં ડર લાગે છે. આજનો માનવી ભગવાનને ચરણે ફૂલ ધરાવીને બગીચાની માંગણી કરે છે.

ઈચ્છાઓ અને આંકાક્ષાઓ અપાર સેવે છે. જેમાંની કેટલીક ઈચ્છાઓ જ પૂરી થાય છે અને બહુ બધી પૂરી થતી નથી. આમ બહુધા ઈચ્છાઓ દિલમાં રહી જાય છે. પૂરું માત્ર જીવન થાય છે. કેટલાકનું મરજીથી તો કેટલાકનું મજબૂરીથી. વર્તમાન સમયનું કડવું, ને નગ્ન સત્ય એ છે કે વખાણ કર્યા વગર કોઈ ખુશ થતું નથી અને ખોટું બોલ્યા વગર કોઈના વખાણ માટે મોંઢામાંથી શબ્દો નીકળતા નથી. સકલ બ્રહ્માંડમાં એક જીભ જ  એવું અંગ છે જ્યાં અમૃત અને વિષ બન્ને એક સાથે રહે છે. જીભની આ બન્ને વિશેષતા કોનો ઉપયોગ કરવો એ વ્યક્તિ માત્રના હાથની વાત છે. ખુશી માટે ઘણું બધું ભેગું કરવું પડે છે એવી આજે ઘણાની સમજ છે. પણ, ખરું કહીએ તો ખુશી માટે ઘણું બધું જતું કરવું પડે છે એ એક ખરી હકીકત છે. બધા દિવસો સારા જાય એવી આશા રાખવી વ્યર્થ છે. દરેક દિવસમાંથી કંઈ સારું મળે એની ખોજ કરવી પડશે. જ્યારે તક સામે આવે ત્યારે તૈયાર રહો. કારણ કે જ્યારે તક અને તૈયારી એક સાથે ભેગા મળે છે તેને લોકો ‘લક’ કે ભાગ્ય કહે છે.

સાચા સંબંધોને નજાકતથી જાળવવા જોઈએ. તેને અજાણતા કંઈ નુકસાન ન પહોંચે તે પ્રત્યે સાવધાન રાખવી ઘટે કારણ કે ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી લીલાં નહીં થાય. સ્નેહ ભર્યા સંબંધ ક્યારે શુષ્ક થતાં નથી સામેવાળા પ્રત્યે કાળજી રાખવાની ભાવના બંન્નેમાં હોય તો ગમે તેટલાં દૂર હોઈ એ તો પણ આપણાં એ તો આપણાં રહે છે. સતત બોલતી વ્યક્તિ જ્યારે અચાનક મૌન ધારણ કરી લે ત્યારે નક્કી સમજી લેવું કે ખોટ શબ્દોની નથી પડી પણ ખોટ લાગણીની પડી છે.

પૃથ્વીના ગોળાર્ધ પર બે જણ સુખી છે. એક અણ સમજુ બાળક અને બીજો પોતાની મસ્તીમાં મહાલતો ગાંડો. લક્ષ્ય સાધવા ગાંડો બનવું જરૂરી છે ને જે કંઈ છે તેને માણવા બાળક બનવું જરૂરી છે. પરિસ્થિતિ બદલવી આપણા હાથમાં ન હોય ત્યારે મનઃસ્થિતિ બદલવી જરૂરી છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **‘Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan’** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક ‘Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan’ ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# દિવ્યાંગ જ્ઞાતિજનોના આશ્રયદાતાની સૂચિમાં જોડાનારા દાતાઓને ભાવપૂર્વક નમન

કુદરતની કૃપા અધૂરી પામનાર દિવ્યાંગજનો શારીરિક તેમજ માનસિક પડકાર ઝિલનારા યોધ્ધાઓ છે. જેઓ ખંત, ખુમારી અને હિંમતથી કપરી પરિસ્થિતિનો સામનો કરી પરિવારજનોને પણ સાંત્વના આપે છે, સ્નેહ સદ્ભાવ આપે છે. આ દિવ્યાંગો પ્રત્યે દયા, કરૂણા અને પ્રેમ ધરાવતી હૂંફ આપવી એ પ્રત્યેક સમાજની અને જ્ઞાતિજનની પવિત્ર ફરજ છે.

સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગજનો માટેની વિવિધ યોજનામાંથી એક દિવ્યાંગ પાલક યોજનામાં રૂા.૫૧ હજારનું ઉદાર ભર્યું ભંડોળ સ્વ.માતુશ્રી માનબાઈ માલશી મોતા, સ્વ.પિતાશ્રી માલશી કલ્યાણજી મોતા, કુવાપધ્ધર હાલે સેલમ હસ્તે શ્રી રાયચંદ માલશી મોતા, કુવાપધ્ધર સેલમ એ એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક લીધેલ છે તથા માતુશ્રી નવલબેન ધનજી નાગડા નલિયા ઘાટકોપર હસ્તે શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા કુવાપધ્ધર હાલે સેલમ એ રૂા.૨૫ હજારનું સ્વૈચ્છિક યોગદાન નોંધાવી દિવ્યાંગ શક્તિ તરીકે સહભાગી થયા છે. દિવ્યાંગો પ્રત્યે અસીમ કરૂણા બતાવી આધાર રૂપ બનનાર દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



**શ્રધ્ધા સુમન**

**માતુશ્રી નવલબેન ધનજી નાગડા**

ગામ : નલિયા, હાલે : ઘાટકોપર

**હસ્તે : શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા**

ગામ : કુવાપધર હાલે : સેલમ

## દિવ્યાંગ શક્તિ

## Rs. 25,000

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

કચ્છીઓ દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## "આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

## શ્રધ્ધા સુમન

# સ્વ. માતુશ્રી માતુશ્રી માનબાઈ માલશી મોતા

# સ્વ. પિતા શ્રી માલશી કલ્યાણજી મોતા

ગામ : કુવાપધર હાલે : સેલમ



હસ્તે : શ્રી રાયચંદ માલશી મોતા

ગામ : કુવાપધર હાલે : સેલમ

# દિવ્યાંગ પાલક

## Rs. 51,000

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

## હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના

# કચ્છ સમર્પણ આશ્રમ મધ્યે જૈન મુનિઓ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું



ભુજ માંડવી રોડ પર પુનડી ગામે આવેલ સમર્પણ આશ્રમ મધ્યે હાલે અનુષ્ઠાન ચાલી રહ્યાં છે. જેમાં ધ્યાન સાધનામાં ભાગ લેવા પધારેલ જૈન મુનિઓ તથા સાધ્વી ભગવંતોની ઉપસ્થિત રહી હતી. તા.૨૬ જાન્યુઆરી બુધવારે રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સમર્પણ આશ્રમમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ અવસરે જૈન મુનિઓઓ રાષ્ટ્ર પરમ ધર્મની ભાવના વિશે જણાવેલ. શક્યત આ પ્રથમ પ્રસંગ હતો જેમાં જૈન મુનિઓએ રાષ્ટ્રવંદન કાર્યક્રમમાં હાજરી આપી હોય.

નિવૃત્ત શિક્ષક અને આશ્રમના પ્રસાર પ્રચાર કમિટીના અધ્યક્ષ હિતેન્દ્ર સિંહ વાઘેલા સાથે રહી સંપૂર્ણ વિધિ કરાવેલ. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા, સમર્પણ શ્રમણ પુનડીના મેનેજર હસિત જોશી તથા અન્ય સેવાધારીએ દ્વારા કરવામાં આવેલ હતી.

# અબડાસાની નૂતન પંચતીર્થીના વારાપધ્ધર તીર્થના જિનાલયનો ૧૬૧મો ધ્વજા મહોત્સવનું ભાવપૂર્ણ આમંત્રણ

અબડાસાની નૂતન પંચતીર્થી 'વાવાલાપરા'ના વારાપધ્ધર તીર્થે શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં જિનાલયનો ૧૬૧મો ધ્વજા મહોત્સવ અવસરે દ્વિદિવસીય ઉત્સવ આયોજન તા.૧૨ ફેબ્રુઆરી શનિવાર અને રવિવાર તા.૧૩ ફેબ્રુઆરીના સંપૂર્ણ મહોત્સવના દાતાશ્રી સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવાર હસ્તે ધીરેનભાઈ લોડાયા વાપીના સંપૂર્ણ સહયોગથી યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સૂર શબ્દ મંત્રોચ્ચારના સંગીતમય સથવારે ઉજવવામાં આવશે.



મહાસુદ ૧૨ શનિવાર તા.૧૨ ફેબ્રુઆરીના બપોર ૧૨.૩૯ કલાકે શ્રી અઢાર અભિષેક રાત્રે ૮ કલાકે મહાવિદેહે વિહરમાન શ્રી સિમંધર સ્વામીની ભક્તિ યાત્રા, મહાસુદ ૧૩ રવિવાર તા.૧૩ ફેબ્રુઆરીના સવારે ૯ કલાકે સત્તર ભેદી પૂજા, ધ્વજા મહોત્સવ, સંપૂર્ણ દાતાશ્રી પરિવારના વરદ હસ્તે શુભ મુહૂર્તે ધ્વજા આરોહણ.

માદરે વતનના આંગણે આ ભવ્ય ધર્મ આયોજનમાં વારાપધ્ધરવાસીઓ અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું આમંત્રણ શ્રી વારાપધ્ધર ક.દ.ઓ.જૈન મહાજન તથા શ્રી વારાપધ્ધર જૈન યુવક મંડળ દ્વારા અપાયું છે. આ અવસરે જેઓને પણ શ્રી વારાપધ્ધર નગરે પધારવાની ઈચ્છા હોય તેઓએ પોતાના નામો નીચે આપેલ નંબર ઉપર ફોન કરી જરૂરથી લખાવવા વિનંતી. ભરત વિકમશી-૯૮૨૦૫૩૨૨૫૧, ભૂપેન્દ્ર લોડાયા-૯૪૨૬૯૨૧૯૧૨, નિલેશ મૈશેરી-૯૮૧૯૮૧૨૭૮૫

# રાત્રિ ભોજન વિષે તલસ્પર્શી જ્ઞાન આપતો જ્ઞાન વિથ ગુરૂદેવનો ૧૩મો એપિસોડનો વીડિયો

શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના ઉપક્રમે ધર્મજ્ઞાન વિશે સામાન્યજણને મૂંઝવતા સવાલો પ્રશ્નોના જ્ઞાની મુનિ દ્વારા તર્કશુધ્ધતાથી જવાબ જાણવા મળે એ માટે આ અગાઉ ૧૨ એપિસોડ રીલિઝ કરાયા છે. જે ઘણા સરાહના પામ્યા છે. આ જ કડીનો ૧૩મો નવો મણકો હમારે સવાલ ગુરૂદેવ કે જવાબ અંતર્ગત પ્રભાવી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખ દ્વારા વૈભવ મનોજ લોડાયાએ સવાલ પૂછીને જવાબ મેળવ્યા છે. આ વખતના એપિસોડનો વિષય છે. રાત્રિ ભોજનનો ત્યાગનો મહિમા જૈન ધર્મમાં શા માટે કરાયો છે? યુટ્યૂબ ચેનલ પર ૧૦.૧૦ મિનિટનો આ વીડિયો લિંક https://youtu.be/4Q9B4MFS5Do પર જોઈ જાણી માણી શકાશે.

# ૧૫ થી ૪૫ વર્ષ આયુની બહેનોના ઉત્કર્ષ હેતુ શ્રી અખિલ ભારત અચલગચ્છ મહિલા પરિષદનું ગઠન

અચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશીષથી તા.૨૬ જાન્યુઆરી બુધવારના આગમ દિવાકર આ.શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા. આદિ ઠાણા ૩૭ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં નાલાસોપારા ગીતાસ્મૃતિ તીર્થના શીલાન્યાસ પ્રસંગે ૧૫ થી ૪૫ વર્ષ ઉંમરની બહેનોના ઉત્કર્ષ હેતુ શ્રી અખિલ ભારત અચલગચ્છ મહિલા પરિષદનું ગઠન થયું. સમગ્ર ભારતભરની આ વય ગટની અચલગચ્છીય યુવતીઓ, મહિલાઓ આજે જ મહિલા પરિષદનું ગુગલ ફોર્મ ભરી વિગત નોંધ કરે. https://forms.gle/Yui6yxPPtUpJswKd8 સૌનો સાથ ગચ્છનો વિકાસ.

# અચલગચ્છ યુવા પરિષદ માટે ક્રિયેટીવ લોગો બનાવવી મોકલવા ઈજન

બે દિવસ પહેલાં અચલગચ્છ યુવા પરિષદ AYP માટે એક ફિક્સ ઓળખ આપતો LOGO બનાવવા માટેની ઘોષણા કરાઈ. જેના પ્રતિસાદ રૂપે ભારતભરના વિવિધ રાજ્યો-સંઘોમાંથી અનેક શ્રાવક શ્રાવિકાઓ પોતાની સૂઝ સમજ અને કલા દ્વારા નવી ડિઝાઈન બનાવી વોટસએપ દ્વારા ઈમેજ મોકલી રહ્યાં છે.

Creative youth ને Creative mind ને સલામ. સૌથી સુંદર અને આકર્ષક ૫ લોગોને સ્પેશિયલ ઈનામ અપાશે. LOGO બનાવીને મોકલવાની અંતિમ તા.૩૧ જાન્યુઆરી સોમવાર છે. તો પોતાની સ્કીલ અને ટેલેન્ટનો ઉપયોગ કરીને એવો લોગો બનાવો કે અચલગચ્છના વિકાસનો પ્રતિક બની જાય. જેથી દરેક કાર્ય, કાર્યક્રમ અને ઘોષણા પત્રમાં એનો વ્યાપક ઉપયોગ કરી શકાય. Don't miss this golden opportunity. વધુ વિગત માટે સંપર્ક રક્ષિત શાહ-૭૭૦૯૪૪૫૨૦૪

# નાલાસોપારા સંઘના શ્રી શ્રેયાંસનાથ ભગવાનના શિખર બધ્ધ પ્રાસાદ ગીતા સ્મૃતિ તીર્થ શિલાન્યાસ ભવ્યતાથી થયો





શ્રી નાલાસોપારા અચલગચ્છ જૈન સંઘ આયોજિત શ્રી શ્રેયાંસનાથ ભગવાનના શિખર બધ્ધ પ્રાસાદ ગીતા સ્મૃતિ તીર્થના શિલાન્યાસનો ભવ્ય પ્રસંગ આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણિઓની પાવન નિશ્રામાં તા.૨૬ જાન્યુઆરી બુધવારના સવારના ૫ કલાકેથી ભવ્યતાથી સંપન્ન થયો. સંપૂર્ણ જિનાલયના નિર્માપક માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર ખ્યાતિનામ ફાઉન્ડેશન (મેરાઉ, ગાંધીધામ, વડોદરા, વાંદરા) હસ્તે ખુશ-વિઆન.





# સંજીવની કેસ નં.૬૦ માટે રૂા.૧.૪૭ લાખ મદદ માટે ટહેલ




શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ લોડાયા ઉ.વ.૬૫ તેરા હાલે ડોંબિવલી પિતાશયમાં મલ્ટીપલ બલ્ડર સ્ટોનથી ગ્રસ્તિ છે. આમપિત નળીની એન્ડોસ્કોપી કરી તેનું નિષ્કર્ષણ અને સ્ટેન્ટિંગ કરી લેપ્રોસ્કોપિક કોલેસિસ્ટકેટોમી અને સ્ટેન્ટ દૂર કરવું જરૂરી છે.

છ જણ પરિવાર સભ્યોમાં પતિ છેલ્લાં દસ વર્ષથી પક્ષઘાતથી પીડિત છે અને તેને લીધે તેમની વાચા હરાઈ ગઈ છે. કમાવનાર એક માત્ર પુત્ર છે જે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કિરાણા દુકાન ચલાવે છે અને કોરોના લોકડાઉન પછીના કાળમાં આવક ઘટી જવાથી ઘણી મુશ્કેલીથી નિર્વાહ કરે છે. ઈન્સ્યુરન્સ પ્રિમીયમ ભરી શકવા અસમર્થ હોતા નથી કોઈ મેડીક્લેઈમ પોલિસી બેક અપ કે નથી અન્ય કોઈ બચત.

પ્રેમિલાબેન લોડાયાને ઈલાજ સારવાર માટે તથા હોસ્પિટાઈલેઝશનનો અંદાજિત ખર્ચ રૂા.૧.૪૭ લાખ અપાયું છે. કપરા સંજોગોની પરિસ્થિતિ ગ્રસ્ત થયેલ લોડાયા પરિવારને મદદરૂપી હાથ લંબાવીને હૂંફ આપીએ જેથી વહેલી તકે મુસીબતથી છૂટી બહાર આવી જાય. સંજીવની કેસના અગાઉના ૫૯ કેસ ઉદારદિલ જ્ઞાતિજનોના અદ્‌ભૂત સહકારથી વહેલાસર ઉકેલાયા છે. તે જ પ્રમાણે સંજીવની કેસ નં.૬૦ પણ આસાનીપૂર્વક સૂલઝાઈ જશે એવી ખાત્રી છે, વિશ્વાસ છે.

પ્રેમિલાબેન લોડાયા ઉપકૃત સારવાર ઈલાજ લઈ સ્વસ્થપણે સ્વઘરે પરત જાય એ સમય લાંબો નહીં જ હોય. એવો ઉદારદિલ જ્ઞાતિજનો શ્રેષ્ઠીઓ સહકાર આપશે જ.

# લગ્નસંબંધી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિઃશુલ્ક પ્રકાશિત કરશું.

**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**



**Name : Manish Kantilal Mota**

**Vastipatrk No.: NLMT0301304**

**Date of Birth : 4th November 1988**

**Birth Time : 1:05 pm**

**Height : 5'6"**

**Weight : 78 KGS**

**Manglik : Yes**

**Present Stay : Gandhidham**

**Birth Place : Gadag**

**Other Details : NA**

**Qualification : HSC (12th)**

**Native Place : Naliya**

**Occupation : Service**

**Blood Group : NA**

**E-Mail : manishmota0411@gmail.com**

**Contact : 09327414159**

**Parent's Contact : 9510414159**

**Gyatimaiya KDO Mahajan Code No. SM B/3**



**Name : Anita Hirachand Lodaya**

**Vastipatrk No.: NLLO0200204**

**Date of Birth : 3rd April 1984**

**Birth Time : 4:12 pm**

**Height : 5’2”**

**Weight : 90 KGS**

**Manglik : No**

**Present Stay : Coimbatore**

**Birth Place : Coimbatore**

**Qualification : BBM**

**Native Place : Naliya**

**Occupation : Business**

**Blood Group : A+ve**

**E-Mail : anitahlodaya@yahoo.co.in**

**Contact : 09843537037**

**Parent's Contact : 09047738038 (Mother)**

**Gyatimaiya KDO Mahajan Code No. SM G/3**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# પ.પૂ.સા.શ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા.ની નાજુક સ્વાસ્થ્યના કારણે ૭૨ જિનાલય તીર્થે ૩ જા ઉપવાસના પચ્ચખાણ અપાયા





યોગનિષ્ઠ પ.પૂ.સાધ્વીશ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા શાંતમૂર્તિ સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા.ને નાજુક સ્વાસ્થ્યને કે કારણે ૭૨ જિનાલય ખાતે તા.૨૪ જાન્યુઆરી સોમવારના રોજે ૩જા ઉપવાસનો પચ્ચખાણ અપાયેલ છે. તેઓશ્રી ૬ થી વધારે વર્ષથી સેમી કોમા જેવી અવસ્થામાં છે. પૂજ્ય સાહેબના શિષ્યાઓ, ગુરૂ બહેનો તથા ૭૨ જિનાલયના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ વૈયાવચ્ચ માટે કટિબધ્ધ છે. તબિયતમાં શાતા છે.

પૂજ્યશ્રી શાંતિથી સમાધિ ભાવે મોક્ષગતિએ પ્રયાણ કરે તે માટે ગુરૂભક્તો ભાવપૂર્વક જાપ પ્રાર્થના કરવા વિનંતી.

આપની જાણ માટે પૂજ્યશ્રીની મૂળ તસવીર અને વર્તમાન તસ્વીરો અત્રે દર્શાવી છે. પૂજ્યશ્રીની ગુરૂ બહેનો તેમને સુંદર રીતે નિર્યામણા કરાવી રહેલા છે.

# જિનવાણીના જાદુગર પૂજ્ય ગુરૂદેવ શ્રી તા.૩૧ જાન્યુઆરીના ડોંબિવલી નવનીત નગરમાં પધરામણી કરશે

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી સકલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ.પૂ.ગણીવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. શ્રી થાણા સંઘમાં શનિવાર તા.૨૯ જાન્યુ.ના પધારયા. પૂજ્યશ્રીનું સવારના ૯.૧૫ થી જય મંગલ ભવનમાં મંગલ વ્યાખ્યાન થયું. ત્યારબાદ ટેંભી નાકા ગૌતમ લબ્ધિ અચલગચ્છ ઉપાશ્રયમાં પધરામણી કરી અને સાંજે પાંચ વાગે કલવા શ્રી ગુણસાગર નગરે પધરામણી કરી. ત્યાંથી તા.૩૦ જાન્યુઆરી રવિવાર મુંબ્રા અને સાંજે શીલફાટા ગુણ વિહાર પહોંચવાની ભાવના છે.

સોમવાર તા.૩૧ જાન્યુઆરી અને તા.૧ ફેબ્રુઆરી મંગળવારે ડોંબિવલી પૂર્વના નવનીત નગરે પધારશે. તપરથના સારથી તપોરત્ન પ.પૂ.મુનિ શ્રી હીંકારસાગરજી મ.સા. ૧૦૦મી ઓળીમાં આગળ વધી રહ્યા છે. તા.૩ ફેબ્રુઆરી ગુરૂવારના પૂજ્ય મુનિશ્રીની ૧૦૦મી ઓળીનો ૨૫ દિવસ છે એટલે ડોંબિવલીની જેમ દરેક સંઘમાં સામૂહિક આયંબિલ થાય એવી કચ્છ કોહિનૂર પ.પૂ.ગુરૂદેવ ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ની ભાવના છે. જે સૌના સહકારે સફળ થઈ શકશે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શંખેશ્વર તીર્થે ૧૦૮ સજોડા સહ શ્રી શાસન ગચ્છ રક્ષિકા દેવી મહાપૂજન

મહાસુદ ૬ રવિવાર તા.૬ ફેબ્રુઆરી સવારના ૧૦ થી ૩.૩૦ કલાકે શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના ઉપક્રમે ૧૦૮ સજોડા સહ શ્રી શાસનગચ્છ રક્ષિકા દેવી મહાપૂજનનું આયોજન છે. મુંબઈથી ઉગ્ર વિહારો કરતાં પૂજ્યપાદ શાસન નાયક અચલગચ્છાધિપતિ ગુરૂદેવ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજા આદિ ગુરૂભગવંતોની પાવન પધરામણી શનિવારના ૫ ફેબ્રુઆરીના થશે. પૂજ્યશ્રીના સામૈયામાં પધારજો. આમંત્રિત મહેમાનોની રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. અર્પણ અને તર્પણના આ મહોત્સવે સૌને પધારવું જ રહ્યું.

સમગ્ર આયોજનના મુખ્ય લાભાર્થી સંઘમાતા માતુશ્રી કંકુબેન ભવાનજી મેઘજી વોરા પરિવાર બિદડા-મલાડ. ૧૦૮ સજોડાની નામાવલીમાં જૂજ નામ બાકી છે. રૂા.૫૪૦૦/- નકરો રાખવામાં આવેલ છે. તો વહેલો તે પહેલાના ધોરણે અવશ્ય નામ નોંધાવશો. સંપર્ક પરેશભાઈ ગાલા-૯૮૨૧૦૫૬૪૦૧, ૯૩૨૪૧૩૭૭૮૦ તથા અશોકભાઈ સાવલા-૯૩૨૧૨૪૯૮૨૫.

પૂજનમાં પધારનાર સર્વે પુણ્યાત્માઓની મઠુબાપા ભવનમાં આવાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા.૬ ફેબ્રુઆરીના સવારના પધારી જવું. દરેક કપલને શાસન ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજી તથા શ્રી પદ્માવતી માતાજીની પ્રતિમા, બે સુંદર ડિઝાઈનર કટાસણા, બે સુતરની માળા, પૂજાની સામગ્રી જેમાં ચંદન, પૂષ્પ, ફળ, નૈવેદ્ય ઈત્યાદિ આપવામાં આવશે. ડ્રેસ કોડ : લાલ પૂજાની જોડ શક્યતઃ અને લાલ લીલી બાંધણી.

**શ્રી પાર્શ્વનાથ દશગણધર તપમાં જોડાયેલા તપસ્વીઓને સંદેશ**

પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીની નિશ્રામાં પ્રથમ વખત પ્રભુ પાર્શ્વનાથ ભગવંતના દશ ગણધરેના તપનું આયોજન કરાતા ૮૧ તપસ્વીઓ જોડાઈ ચૂક્યા છે.

તપસ્વીઓના સત્તર પારણા તથા તપમાં આવતા દરેક પારણાની સૂચારૂ વ્યવસ્થા કરવામાં આવશે. આવો ગુરૂ નિશ્રામાં હજી પણ તપમાં જોડાઈ જવા પોતાના નામ લખાવવા વિનંતી. ૧૦૮ નામ પૂર્ણ થવા જોઈએ તો જલ્દીથી નામ નોંધાવી લેશો. તા.૬ ફેબ્રુઆરીના સવારના પધારી જવું તા.૧૮ ફેબ્રુઆરીના પારણું તપ પૂર્ણાહૂતિ બાદ આપની ટિકીટો બતાવી રીફંડ લઈ લેવું.

# તિરૂપુર શ્રી સુવિધિનાથ જૈન દેરાસરે સાધુ-સાધ્વીજી ભગવંતોની પધરામણી થઈ





દક્ષિણ ભારતના ઔદ્યોગિક નગર તિરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પ.પૂ.આચાર્ય શ્રી નરરત્નસૂરિજી મ.સા. આદિઠાણા ૧૦, પ.પૂ.સાધ્વીજી વિદુષી શ્રી યશોવિધમીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૧૫ સાથે ૧૩ દીક્ષાર્થી મુમુક્ષુઓ સાથે તા.૨૯ જાન્યુઆરી શનિવારના પધારયા. પધરામણી પ્રસંગે સવારે મહાભિષેક ભવ્યપણે કરાયા. ૧૦૦ જેટલા ભાવિકજનો ઉત્સાહપૂર્વક સ્વાગત સામૈયામાં અને અભિષેકની ધર્મ આરાધનામાં જોડાયા હતા. ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડા સુચારૂ પણે સમગ્ર આયોજન વ્યવસ્થા પાર પાડેલ.

# અમદાવાદ સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની ભવ્ય પધરામણી થઈ





તા.૨૮ જાન્યુઆરી શુક્રવારના અમદાવાદ સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાની ભવ્ય પધરામણી થઈ. પૂજ્ય સાહેબનું વાજતે ગાજતે ઉત્સાહપૂર્વક સામૈયું કરાયું. સાહેબની પધરામણીથી સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં અભૂતપૂર્વ આનંદ ઉલ્લાસની લાગણી છવાઈ ગઈ હતી.







# પૂજ્ય મહારાજ સાહેબના શંખેશ્વર તરફના વિહાર સાતત્યપૂર્વક થઈ રહ્યાં છે

પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના શિષ્ય પરિવાર ૧૯મા વર્ષીતપ આરાધક પ.પૂ.મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા., ૬૬૦ આયંબિલના તપસ્વી પ.પૂ.મુનિરાજશ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. આદિ ઠાણા ૫ શંખેશ્વર તરફના વિહાર સાતત્યપૂર્વક થઈ રહ્યાં છે. પૂજ્ય સાહેબો તા.૨૭ જાન્યુઆરી ગુરૂવાર અંકલેશ્વર પહોંચ્યા છે. વિવિધ તીર્થો અને મહાત્માઓના દર્શનનો લાભ તથા વંદનનો લાભ લઈ ધન્ય બની રહ્યાં છે.

# અઢાર પાપ સ્થાનક પ્રવચન માલા અંતર્ગત રાગ (પ્રીત, મોહ કરવા) વિષયક પૂજ્ય સાહેબના મુખેથી મનનીય પ્રવચનનો વીડિયો

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી, પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં વસઈ સંઘના આંગણે શ્રી વિમલનાથ દાદાના દરબારમાં અઢાર પાપ સ્થાનક પ્રવચન માળા અંતર્ગત તા.૨૬ જાન્યુઆરી બુધવારના રાગ (પ્રીત, મોહ કરવા) શિર્ષક હેઠળ પ્રભાવી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખવાણીથી ૧.૦૬ કલાકનો જ્ઞાનવર્ધક મનનીય પ્રવચનનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/SbJKnXIn-XI ઉપર સાંભળી માણી શકાય છે. જેનો સૌ અવશ્ય લાભ ઘરબેઠા લે.

# અ.આ.શ્રી ગુણસાગરસૂરીજી મ.સા.ની જન્મજયંતિ યોજવા અપીલ



આપણા સૌના પરમ ઉપકારી અચલગચ્છાધિપતિ આ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૧૦૯મી જન્મજયંતિ તા.૨જી ફેબ્રુઆરી બુધવારના છે. આ નિમિત્તે શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ દ્વારા સમસ્ત ભારત વર્ષના બધા અચલગચ્છ સંઘોને આગ્રહ ભરી વિનંતી છે કે સૌ સંઘો આ દિવસે સુંદર આયોજન કરે. જેની અંતર્ગત સવારે આસપાસના દેરાસરની ચૈત્ય પરિપાટી કરવી. સંઘમાં ગુરૂ પ્રતિમા અથવા તસવીર સામે સામૂહિક ગુરૂ વંદન, ગુરૂ ગુણ પચ્ચસીના પાઠ. ૧૦ મિનિટ ગુણાનુવાદ સભા કરી ગુરૂ ગુણની આરતી સકળ સંઘ મળીને ઉતારે.

સૌ સંઘના સક્રિય ટ્રસ્ટી મંડળ ગુરૂ જન્મોત્સવને પોતાના સ્થાનિક સંઘની લેવલ ઉપર સારામાં સારી રીતે મનાવે અને એના ફોટા અચલગચ્છ ગ્રુપમાં મોકલે.

# પાલિતાણા તીર્થે ગુણોદય ભવન ખાતે શ્રી મહાકાળી માતાનું મહાપૂજન કરાયું





પવિત્રમ તીર્થ પાલિતાણાના ગુણોદય ભવન ખાતે પ.પૂ.ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘની સંગાથે વિધિકાર ચિરાગભાઈ સંગોઈના સથવારે અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાલી માતા મહાપૂજન ભાવપૂર્વક કરાયું.






**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની પેટ્રોન બનનાર ત્રણ દાતાઓની ઉદારતાને આવકાર

સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને અનુપમ યોજના જે જ્ઞાતિજનોને માટે અણધારી શારીરિક વ્યાધિમાં સંકટ સમયની સાંકળ બની રહે છે. આ યોજનામાં જોડાવવા સખી દાતાઓ વિવિધ કેટગરીના પેટ્રોન બની સહભાગી થાય છે.

રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક પર્વના તહેવારના ઉત્સાહ ભર્યા માહોલમાં સ્વ.માતુશ્રી માનબાઈ માલશી મોતા અને સ્વ.પિતા માલશી કલ્યાણજી મોતા કુવાપધ્ધર હાલે સેલમ હસ્તે શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા કુવાપધ્ધર હાલે સેલમ વડીલોને શ્રધ્ધા સુમન અર્પિત કરતા રૂા.૫૧ હજારનું ઉદાર અનુદાન આપી સુર્વણ પેટ્રોન તરીકે જોડાયા છે.

શ્રીમતી દમયંતીબેન અને દિલીપભાઈ કુંવરજી દંડ વરાડિયા હાલે અમદાવાદ એ પોતાના લગ્નજીવનની સુર્વણ વર્ષગાંઠને સ્મૃતિ સભર બનાવવા રૂા.૫૦ હજારનું ઉદાર ભંડોળ નોંધાવી સંજીવની સુર્વણ પેટ્રોન તરીકે સહજીવન યાત્રાનું સંભારણું સ્મરણીય બનાવ્યું છે. આ જ કડીમાં માતુશ્રી નવલબેન ધનજી નાગડા નલિયા ઘાટકોપર હસ્તે શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા કુવાપધ્ધર હાલે સેલમ એ પરિવાર વડીલને શ્રધ્ધાસુમન અર્પણ કરતાં રૂા.૨૫ હજારનું યોગદાન મેડિકલ સમિતિમાં નોંધાવી સંજીવની સિલ્વર પેટ્રોન તરીકે યાદીમાં જોડાયા છે.

ઉદાર દિલ દાતાઓનો આવકાર સાથે યોગદાનની અનુમોદના કરી તેઓના ભલા ભાવની વંદના કરીએ છીએ.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



શ્રધ્ધા સુમન

**માતુશ્રી નવલબેન ધનજી નાગડા**

ગામ : નલિયા , હાલે : ઘાટકોપર

**હસ્તે : શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા**

ગામ : કુવાપધર હાલે : સેલમ

## Rs. 25,000

## સંજીવની સિલ્વર પેટ્રોન

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરે.

મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.

બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.

અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



### શ્રધ્ધા સુમન

**સ્વ. માતુશ્રી માતુશ્રી માનબાઈ માલશી મોતા**

**સ્વ. પિતા શ્રી માલશી કલ્યાણજી મોતા**

ગામ : કુવાપધર હાલે : સેલમ

**હસ્તે : શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા**

ગામ : કુવાપધર હાલે : સેલમ

# Rs. 51,000

# સંજીવની સુવર્ણ પેટ્રોન

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI



## શ્રીમતી દમયંતીબેન અને દિલીપભાઈ કુંવરજી દંડ

(કચ્છ ગામ વરાડિયા હાલ અમદાવાદ) નાં

**લગ્ન જીવન ના ૫૦ વર્ષ પૂર્ણ થયાના**

**સુવર્ણ અવસરે**

# સંજીવની સુવર્ણ પેટ્રોન

# Rs. 50,000

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી મૌલીબેનની દીક્ષા આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણાનો કાર્યક્રમ સંપન્ન થયો







શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી હીરણ્યગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી મૌલીબેન રાજેશભાઈ મૂળજી મૈશેરી લાલા હાલે ડોંબિવલી રવિવાર તા.૧૩ ફેબ્રુઆરીના દિને પ્રવજ્યા અંગિકાર કરશે. જેની આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણાનો કાર્યક્રમ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સંપન્ન થયેલ.









## શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

## સારા-નરસા પ્રસંગોએ સંઘને યાદ કરીએ...

- આપણા ગામ મંજલ રેલડીયામાં શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ સંચાલિત ભોજનશાળા તથા અતિથિગૃહ સુચારુરૂપે ચાલુ છે. ભોજનશાળા તથા અતિથિગૃહમાં ગામના તથા અન્ય ગામના શ્રાવક-શ્રાવિકાઓ તથા સાધુ-સાધ્વીજીઓનો સારો લાભ મળે છે. ગામવાસી કે ઈતર ગામવાસીઓ હોય તેની વ્યવસ્થા અને સગવડતા જોઈ આનંદ પામે છે.
- સંઘ દ્વારા સંચાલિત માતુશ્રી પ્રેમાબાઈ ધનજી લોડાયા વિવિધલક્ષી સંકુલ, માતુશ્રી સાકરબેન કેશવજી સાવલા (બાડા) તથા માતુશ્રી ખીમજી રવજી ગોસર (મંજલ રેલડીયા) ભોજનશાળા તથા માતુશ્રી પાનબાઈ ભવાનજી રવજી ગોસર (મંજલ રેલડીયા) અતિથિગૃહમાં કાયમ નિભાવ ફંડમાં દાતાશ્રી બનવા માટે રૂા. ૨૫૦૦/-એક મિતિના હિસાબે આપને લાભ લેવા વિનંતી.
- સંઘ દ્વારા ફોટો યોજના પણ શરૂ કરેલ છે. સિંગલ ફોટોના રૂા. ૬,૦૦૦/- તથા ડબલ ફોટાના રૂા. ૧૧,૦૦૦/- લાભાર્થીના ભોજનશાળામાં લગાવવામાં આવશે.
- હાલમાં મોંઘવારીના જમાનામાં સાર સંભાળનો ખર્ચ પણ સારો એવો આવે છે. આપને વિનંતી છે કે આપના ઘરે કોઈ પણ શુભ પ્રસંગ હોય જેમકે જન્મદિવસ, પુત્ર/પુત્રી જન્મપ્રસંગ, લગ્નની વર્ષગાંઠ વગેરે તેમજ વડીલોની ષષ્ઠી પૂર્તિ અથવા વડીલોની યાદમાં જરૂરથી સંઘને યાદ કરશો.
- આપ જે પણ મિતીઓ લખાવશો તે કાયમી રીતે તક્તી પર લખાશે જેથી ભવિષ્યમાં આપની પેઢીને પણ પ્રેરણા મળે.
- પેમેન્ટ ઓનલાઈન કરવું હોય તો વિગત નીચે મુજબ છે. શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ, બેંક ઓફ ઈન્ડિયા, A/c No. 382120110000152, IFSC : BKID0003821 (ચેકનો ફોટો મોકલવો)

લી. લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર - ૯૮૨૦૩ ૫૨૩૯૧

શ્રી મંજલ રેલડીયા જૈન સંઘ-મંત્રી, ખજાનચી, ટ્રસ્ટીઓ

# સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરોનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# સંજીવની કેસ નં.૬૧ના દર્દ પીડિત યુવકને વહારે આવવા આગ્રહભરી વિનંતી




૨૪ વર્ષીય યુવક હર્ષ વિનય શાહ-નાગડા. નલિયા ડોંબિવલી autistic & had multiple seizures થી ગંભીર રીતે બે દિવસ અગાઉ ગ્રસ્ત થયેલ. જેથી તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં ઈર્મજન્સીમાં ભરતી થયા. પણ દર્દની ગંભીર હાલતને કારણ કેસની જરૂરિયાત સમજી સ્થાનિક હોસ્પિટલ દ્વારા તેમને થાણાની મલ્ટી સ્પેશિલિસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવાની ભલામણ કરાઈ.

હાલે હર્ષ શાહ ICU માં મેકેનિકલ વેન્ટિલેટર ઉપર બેહોશ અવસ્થામાં ઉપચાર હેઠળ છે. તેઓની હાલત ક્રિટીકલ છે. હોસ્પિટાઈલાઝેશનનો અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ અપાયો છે.

પરિવારમાં હોમ મેકર માતા, અભ્યાસ કરતો નાનો ભાઈ અને કમાવનાર એક માત્ર પિતા છે. મેડિકલેઈમનો આધાર નથી કે નથી કોઈ બચત કે નથી આવકનો કોઈ બીજો સ્રોત. જ્ઞાતિના આશાસ્પદ યુવકના અતિ કપરા કાળ સમયમાં અને જ્ઞાતિ પરિવારના કુળદીપકને વહારે ચડીએ અને તેઓની તકલીફને દૂર કરીએ.

સહાય રકમ 80G અંતર્ગત કર રાહત પાત્ર છે. સમસ્ત મહાજન CSR રજિસ્ટ્રેશન પાત્ર થયેલ છે. દાતાએ ટેક્સ બેનિફિટ લેવા પાન અને આધાર કોપી સંલગ્ન કરવી જરૂરી છે.

આવો સાથે મળી જ્ઞાતિજનના આધારરૂપ થઈએ.

## દીક્ષાર્થી મુમુક્ષુ મૌલિકુમારી રાજેશભાઈ મૈશેરીની દીક્ષા કંકોત્રીનું લેખન તથા કંકુછાંટણા કરાયા




તા.૨૩ ડિસેમ્બર રવિવારના શ્રી ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘમાં કચ્છ લાલા ગામના દીક્ષાર્થી મુમુક્ષુ મૌલિકુમારી રાજેશભાઈ મૂળજી મૈશેરીની દીક્ષા કંકોત્રીનું લેખન અને કંકુ છાંટણાનું આયોજન અતિ ભાવ આનંદ અને ઉત્સાહથી થયું.




# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કેશવજી ધરમશી**
તા.૨૨ જાન્યુ. (ઉ.૮૬)
રંગપુર-મુલુંડ



**જયંત ધરમશી**
તા.૨૨ જાન્યુ. (ઉ.૮૭)
આરિખાણા-આરિખાણા



**હિરાવંતી લોડાયા**
તા.૨૩ જાન્યુ. (ઉ.૮૦)
આરીખાણા-ધૂલિયા



**વિજય મુનવર**
તા.૨૫ જાન્યુ. (ઉ.૬૩)
કોઠારા-ગાંધીધામ



**મધુકર નાગડા**
તા.૨૮ જાન્યુ. (ઉ.૭૬)
તેરા-અંધેરી



**સુનીલ છેડા**
તા.૨૯ જાન્યુ. (ઉ.૬૬)
તેરા-અંકલેશ્વર



**ઠાકરશી સોની**
તા.૨૯ જાન્યુ. (ઉ.૭૩)
વાંકુ-આદિપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● મોટા રતડિયા ગામના તબલા ઉસ્તાદ મામદ હુસેન ઉર્ફે હસિયા ઉત્સાહનું અચાનક અવસાન થતાં માંડવીના ટાગોર રંગભુવન ખાતે અનેક ભજનિક ગાયક કલાકારોએ સ્વેચ્છાએ સ્વરાંજલિ અર્પી સૌએ પોતાની ઈચ્છાનુસાર તેના પરિવારને મદદરૂપે કુલ્લ રૂા.૩૩ લાખની રકમ એકત્ર કરી દાખલો બેસાડ્યો હતો. આ ભંડોળ માત્ર ત્રણ કલાકમાં એકઠો થયો હતો.

● મૂળ કચ્છના અને હાલે મુંબઈમાં રહેતા પ્રતિભા સંપન્ન બાળખેલાડી જેસલ સંદીપ શાહની ગ્લોબલ ચાઈલ્ડ પ્રોડિગી એવોર્ડ માટે પસંદ કરાઈ છે. જેમાં ચેસના નિપુણ ખેલાડી જેસલ શાહનો સમાવેશ કરાયો છે. મૂળ તલવાણાના અને પરેલ રહેતા ૧૧ વર્ષીય જેસલ પરેલની જેબીસીએન ઈન્ટરનેશનલ સ્કૂલમાં છઠા ધોરણમાં અભ્યાસ કરે છે.

● કચ્છ જિલ્લાના ગામોમાં સ્થાનિક પંચાયતની ચૂંટણીઓનો ધમધમાટ વર્તાઈ રહ્યો છે. ચૂંટણી પહેલાં અમુક ગામો સંપ સુલેહ દ્વારા ચૂંટણી ટાળી બિનહરીફ સરપંચ-પંચાયત સભ્યો નક્કી કરે છે. તેને સમરસ ગ્રામપંચાયતનો દરજ્જો મળે છે અને રાજ્ય સરકાર તે પંચાયતને ગામ વિકાસ માટે અલગ ઈનામ ભંડોળ અપાય છે. આવી જ રીતે સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન આપવા જાણીતા કચ્છી ઉદ્યોગપતિ બેલડી ચંદ્રકાંતભાઈ ગોગરી અને રાજેન્દ્ર ગોગરી દ્વારા જલમંદિર અભિયાન અંતર્ગત રૂા.એક લાખ અપાશે. જેનું અમલીકરણ કચ્છ નવનિર્માણ અભિયાન અને સંયોજન સેતુ અભિયાન સંસ્થા દ્વારા કરવામાં આવશે.

● કુન્નરમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ વહોરનારા દેશના પ્રથમ સીડીએસ બિપિન રાવત સાથે સાડા ચાર દાયકા પૂર્વેના સંસ્મરણો યાદ કરી આદિપુર ખાતે નિવૃત્ત જીવન વીતાવતાં ૮૯ વર્ષીય ઓનરરી કેપ્ટન અને એક સમયે જનરલ રાવતને તાલીમ આપનારા ગુમાનસિંહ ઝાલાએ જૂન ૧૯૭૬માં ખડકવાસલા-પૂનાની નેશનલ ડિફેન્સ એકેડેમી ખાતે મેજર ડ્રીલ તરીકે પોતાની ફરજ દરમ્યાન સેંકડો કેડેટોને તાલીમ આપી હતી. પાંચ વર્ષની ફરજ દરમ્યાન એક વર્ષ સુધી બિપિન રાવતે પણ તેમની પાસે તાલીમ લીધી હતી. ખંતીલો સ્વભાવ, મિલનસાર અને મૈત્રીભર્યા વ્યવહારથી તેઓ મન જીતી લીધેલ હતાં. રાવતજીના દુખદ સમાચાર જાણ્યા ત્યારે જાણે ઘરની કોઈ વ્યક્તિએ વિદાય લીધી હોય તેવો આઘાત ગુમાનસિંહ ઝાલાને થયો હતો. પોતાના એક અત્યંત હોનહાર કેડેટની આકસ્મિક નિધનથી અત્યંત દુઃખ થયું હતું.

● શ્વેત રણને કાંઠે અડીને આવેલા ધોરડો ગામ પ્રવાસન ક્ષેત્રે ગાજતું નામ છે. તેવી જ રીતે પંચાયત રાજક્ષેત્રે પણ અનેરો ઈતિહાસ ધરાવે છે. પંચાયતી રાજના છ દાયકા દરમ્યાન અહીંના ગામ પંચાયતના મુખીનો તાજ ગામના 'ડાડા' પરિવારમાં આજ પર્યંત રહ્યો છે. ૧૯૬૩થી ૧૯૯૧ સુધી ૩૪ વર્ષ સુધીના સમય કાળ દરમ્યાન સાત વખત બિનહરીફ સરપંચ તરીકે 'ડાડા' નામે ઓળખ ધરાવતા ગુલબેગ મિંયા હુસેન રહ્યાં હતા. ૧૯૯૭માં સ્ત્રી અનામત થતા તેમની દીકરી સરપંચ તરીકે બિનહરીફ વરાયા હતા. તો ૨૦૦૨માં પુત્ર મિંયા હુસેન ગુલબેગ સરપંચ થયા. ૨૦૦૭માં ફરી એકવાર મહિલા અનામત થતા મિંયા હુસેન ગુલબેગ મુતવાના પત્ની સરપંચ પદ શોભાવ્યું. તો વર્ષ ૨૦૧૨ થી ત્રણ ટર્મમાં સતત ત્રીજી વખત મિંયા હુસેન ગુલબેગની નિર્વિવાદ વરણી થઈ ચૂકી છે. આમ ૬૦ વર્ષનો સમયગાળો 'ડાડા' પરિવારનો એકચક્રી સરપંચ પદ મળતું આવ્યું છે જે વિક્રમ છે. ધોરડો જૂથગામ પંચાયતમાં ધોરડો ઉપરાંત પટગાર, ઉડો અને સિણીયાડો ગામોનો સમાવેશ છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA